સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૬–૬–૨૦૧૫ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: :: ::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૨–૬–૧૫ ના પત્ર નં. સી.મી.સ./૮/૯ થી વિદિત થઈ, તેમજ સમિતિની સભામાં હાજર રહેલા શહેર વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૪ (કોસાડ–ભરથાણા કોસાડ – મોટા વરાછા– અબ્રામા) માં નીચે જણાવેલ વિગતેના સુધારાઓ કરવાનું અને સ્કીમમાં તેને આનુસાંગિક ફેરફારો કરી મુસદ્દાને ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ–૪૮(૧) હેઠળ મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા મંજુરી આપવાનું તથા આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

મુદ્દા નં.(૧) દરખાસ્ત સાથે સામેલ યોજનાના નકશા મુજબના મુળખંડ નં.૧૭૬, ૧૭૫, ૧૮૧ માંથી ૯૦.૦ મીટર અને ૩૦.૦ મીટરના ટી.પી.રોડને જોડતા ઉત્તર–દક્ષિણ પસાર થતા ૧૨.૦મીટરના ટી.પી. રોડને સ્થાનફેર કરી આ સાથે સામેલ નકશામાં (એનેક્ષર–૧) દર્શાવ્યા પ્રમાણે મુળખંડ નં.૧૮૦, ૧૮૨, ૧૭૮, ૧૭૨, ૧૭૭ માંથી પસાર થાય તે મુજબ ૧૮.૦ મીટરની પહોળાઈના રોડનું આયોજન કરી તેને આનુસાંગિક ફેરફાર /સુધારો કરવો.

મુદ્દા નં.(૨) દરખાસ્ત સાથે સામેલ યોજનાના નકશા મુજબના અંતિમખંડ નં.૪૯ નું સ્થાનફેર કરી આ સાથે સામેલ નકશામાં (એનેક્ષર–૨) દર્શાવ્યા પ્રમાણે સમુચિત સત્તામંડળને "સેલેબલ કોમીર્શીયલ" ના જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડ નં.૩૦૫ (આર–૨૩) માં ફાળવી તેને આનુસાંગિક ફેરફાર / સુધારો કરવો.

ઈનવર્ડ નં. ૯૮
ટી.પી.શ્રી.
તારીખ ૨૦/૬/૧૫



મુદ્દા નં.(૩) દરખાસ્ત સાથે સામેલ યોજનાના નકશા મુજબના અંતિમખંડ નં.૨૦૨ તથા ૨૧૯ ને આ સાથે સામેલ નકશામાં (એનેક્ષર–૩) દર્શાવ્યા પ્રમાણે અરસ–પરસ સ્થાનફેર કરી ફાળવી તેને આનુસાંગિક ફેરફાર/સુધારો કરવો.

**ઠરાવ નં.૨૧/૨૦૧૫ સર્વાનુમતે મંજુર.**

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.
તા. ૯–૬–૧૫.

ઢીમ્મર...

Received On
Dt. ૧૯/૬/૧૫

નં. ટીપીસ/ ૯૮ ૨૨
તા. ૧૯/૬/૨૦૧૫